# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-09-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – બિશ્કેક મુલાકાત

કિર્ગીઝ ગણરાજ્યના પાટનગર બિશ્કેકમાં SCO શિખર સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ સભ્ય દેશોને આતંકવાદી ભંડોળ, ભરતી અને આતંકવાદના મૂળ તેમજ તેના સલામત ઠેકાણાઓને સંપૂર્ણ તંત્રને ધ્વસ્ત કરવાનું આહ્વાન કર્યું. તેમણે સ્પષ્ટતા કરી કે, આતંકવાદનો સામનો કરવામાં એકસાથે બે ધોરણ માટે કોઈ જગ્યા ન હોઈ શકે. શ્રી મોદીએ વિશ્વના વિવિધ ભાગમાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરતા ભારપૂર્વક કહ્યું કે, યુદ્ધ અને સંઘર્ષ કોઈ પણ સમસ્યાનો ઉકેલ નથી અને તમામ વિવાદોને માત્ર સંવાદ તથા રાજદ્વારીના માધ્યમથી ઉકેલવા જોઈએ. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, જે બજારોને જોડે છે, વેપારને પ્રોત્સાહન આપે છે અને વિકાસના નવા રસ્તા ખોલે છે એ તમામ પ્રયાસોનું ભારત સમર્થન કરે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આવા પ્રયાસમાં તમામ દેશના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સંપૂર્ણ સન્માન થવું જોઈએ.

**--------------------------------------------------------------------------------------**

## ખાંડની સગ્રહખોરી

ખાંડની સંગ્રહખોરી રોકવા સરકારે ખાંડની સંગ્રહ મર્યાદા ચાર હજાર ક્વિન્ટલથી ઘટાડીને બે હજાર ક્વિન્ટલ કરી છે. આ નવી મર્યાદા આ મહિનાની 15 તારીખથી આગામી 30 નવેમ્બર સુધી અમલમાં રહેશે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા મુજબ, નવા નિયમો હેઠળ કોઈ પણ વેપારી જથ્થો મળવાના 30 દિવસથી વધુ સમય સુધી મર્યાદાથી વધુ ખાંડ પોતાની પાસે નહીં રાખી શકે. આ નિર્ણયથી બજારમાં ખાંડની અછત નહીં સર્જાય અને કિંમત કાબૂમાં રહેશે તેવો સરકારે વિશ્વાસ અપાવ્યો છે.

---------------------------------------------------------------------------------------

## વિમાન મથક પર હબ એન્ડ સ્પોક આંતરરાષ્ટ્રીય ઉડાન

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ ગઇકાલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર હબ ઍન્ડ સ્પૉક આંતર-રાષ્ટ્રીય ઉડાન સેવાઓનો પ્રારંભ કરાવ્યો. ઍર ઇન્ડિયા દ્વારા સંચાલિત પહેલી ઈઝી કનેક્ટ સેવા ઉડાન એઆઈ-1121 અમદાવાદથી રવાના થશે. આ ઉડાન દિલ્હી થઈ વિશ્વભરના વિવિધ સ્થળ પર યાત્રી સેવા ઉપલબ્ધ કરાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

આ પહેલ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની દેશભરમાં 44 વિમાનમથકને સુવ્યવસ્થિત હબ ઍન્ડ સ્પૉક ગ્રિડમાં સંકલિત કરવાની વ્યાપક યોજનાનો ભાગ છે. તેમાં ચાર મુખ્ય ટ્રાન્ઝિટ હબ અને 40 પ્રાદેશિક ફિડર સ્પૉક સામેલ છે. તેનો ઉદ્દેશ મુસાફરીને સરળ બનાવવા, વિમાન કંપનીઓની સંચાલન ક્ષમતાને વધારવા અને ભારતને એક અગ્રણી વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર તરીકે વિકસિત કરવાનો છે.

---------------------------------------------------------------------------------------

## પંચાયત સંસ્કરણ કાર્યશાળા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિયમો સમજી ગુણવત્તાસભર કામો કરવા જનપ્રતિનિધિઓને તાકીદ કરી છે. ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા

સચિવાલય ખાતે ગઇકાલે નવનિયુક્ત પંચાયત પદાધિકારીઓ માટેની 'પંચાયત સંસ્કરણ કાર્યશાળા'નો પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું કે પંચાયતમાં પદાધિકારી કે પક્ષ બદલાય છતાં, જનહિતનાં તમામ કામો નિરંતર ગતિથી પૂર્ણ કરવા એ વર્તમાન પદાધિકારીઓનું કર્તવ્ય છે. બીજી તરફ યોજાયેલી કાર્યશાળામાં પ્રશ્નોના નિરાકરણ અને વહીવટી વિષયો પર તાલીમ અપાઈ હોવાનું પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

---------------------------------------------------------------------------------------------

## રાજ્યની વિધાનસભાનું સત્ર

રાજ્યની વિધાનસભાનું સત્ર 9મી સપ્ટેમ્બરથી યોજાશે. રાજ્યપાલ દ્વારા ગુજરાત વિધાનસભાના નવમા સત્રને તારીખ 8મી સપ્ટેમ્બરના રોજ મળવા આહવાન કરાયું હતું. તેમાં ફેરફાર કરી હવે નવમું સત્ર તારીખ 9,10 અને 11 સપ્ટેમ્બરે કુલ ત્રણ દિવસ માટે મળશે. વધુ માહિતી આપતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે આ સત્રમાં સરકારી કામકાજ, સરકારી વિધેયકો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ તેમજ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસારની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## શોધ યોજનાની ઓનલાઇન અરજી

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં ફૂલ-ટાઈમ પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓને સંશોધન માટે પ્રોત્સાહિત કરતી શોધ યોજનાની વર્ષ 2026-27 માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ થઈ છે. કચ્છ યુનિ.ના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા છાત્રોને ફોર્મ ભરવામાં ટેકનિકલ ભૂલ ન પડે તે માટે

ઓનલાઈન અને ઓફલાઈન માર્ગદર્શન અપાશે. હાલ વર્ષ 2026ની નવી પીએચ.ડી. બેચના જે વિદ્યાર્થીઓની સપ્ટેમ્બર સુધીમાં નોંધણી પૂર્ણ થશે, તેઓને પણ આ અરજી કરવા માટે માર્ગદર્શન અપાશે.

---------------------------------------------------------------------------------------

## ગુણોત્સવ 2.0 સમય મર્યાદા વધારાઇ

રાજ્યની સરકારી, ખાનગી અને અનુદાનિત શાળાઓમાં ચાલી રહેલી ગુણોત્સવ 2.0 સ્વમૂલ્યાંકન કામગીરી માટેની સમયમર્યાદા 31 ઓગસ્ટથી વધારીને 8 સપ્ટેમ્બર સુધી કરાઇ છે. રાજ્યસંઘ દ્વારા કરાયેલી રજૂઆતને ધ્યાને લઈ શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમા હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તીવ્ર પ્રેશર ગ્રેડિયન્ટના કારણે ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે આશરે 28 થી 37 કિમીની ઝડપે પવન ફૂંકાશે.

---------------------------------------------------------------------------------------